# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/093 Dt. 08/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ઈન્કમ ટેક્ષ કોન્કલેવ યોજાયો, ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્માએ સુરતના ઉદ્યોગ સાહસિકો, સીએ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ અને બિઝનેસ પ્રોફેશનલ્સ તેમજ કરદાતાઓને સંબોધ્યા

### ઈન્કમ ટેક્ષ વિભાગના પ્રોજેકટ ટેક્ષ કલેકશનમાં થયેલી ઐતિહાસિક વૃદ્ધિમાં વ્યાવસાયિકો, કરદાતાઓ અને ઉદ્યોગ જગતનો મહત્વપૂર્ણ ફાળો રહયો છે : ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્મા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સ એન્ડ ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસીએશનના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી બપોરે ૩:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'ઈન્કમ ટેક્ષ કોન્કલેવ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્મા (IRS)એ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી સુરતના ઉદ્યોગ સાહસિકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ટેક્ષ કન્સલ્ટન્ટ્સ, બિઝનેસ પ્રોફેશનલ્સ અને કરદાતાઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજે પણ ભારતનું ટેક્ષ માળખું એક યોજના કરતા વધુ એક કોયડો જેવું લાગે છે. ૯૦ ટકાથી વધુ વિવાદો અર્થઘટનના મુદ્દાઓથી ઉદ્‌ભવે છે. જો આપણે લોકોને પાલન કરાવવા માંગીએ છીએ તો આપણે પહેલા તેમને સમજવામાં મદદ કરવી પડશે. તેમણે કહયું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતના એમએસએમઇઝ આગળ વધી રહ્યા છે, ઈન્કમ ટેક્ષ ફાઇલિંગ વધી રહ્યા છે. જ્યારે સાચી

ભૂલો થાય ત્યારે સિસ્ટમે દંડ નહીં, પરંતુ સમર્થન સાથે પ્રતિભાવ આપવો જોઈએ. અજાણતા થયેલી ભૂલો સહાનુભૂતિને પાત્ર છે, દંડને નહીં.

ગુજરાત રાજ્યના પ્રિન્સીપલ ચીફ કમિશનર ઓફ ઇન્કમ ટેક્ષ શ્રી સતિષ શર્મા (IRS)એ જણાવ્યું હતું કે, ઇન્કમ ટેક્ષ વિભાગના પ્રોજેકટ ટેક્ષ કલેકશનમાં છેલ્લા ૩૫ વર્ષોમાં અભૂતપૂર્વ વૃદ્ધિ નોંધાઈ છે. વિભાગનું પ્રોજેકટ ટેક્ષ કલેકશન તે સમયના રૂપિયા ૧૦૦૦૦ કરોડમાંથી વધીને હાલ રૂપિયા ૨.૨૫ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. આ સફળતા માત્ર વિભાગની નહીં પરંતુ તેમાં વ્યાવસાયિકો, કરદાતાઓ અને ઉદ્યોગ જગતનો મહત્વપૂર્ણ ફાળો છે અને આ વૃદ્ધિ સમાજની સર્વાંગી વિકાસની નિશાની છે.

તેમણે આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, આજથી ૩૫ વર્ષ પહેલા રિટર્ન ફાઇલીંગનો આંક ૪૦ લાખ હતો, જ્યારે હવે તે ૯ કરોડને પાર કરી ગયો છે. ઇન્કમ ટેક્ષ વિભાગ દ્વારા અમલમાં આવેલી ફેસલેસ એસેસમેન્ટ પદ્ધતિ મોટા ભાગના સ્ટેકહોલ્ડર્સ દ્વારા સારી રીતે સ્વીકારાઇ છે અને ટેકનોલોજીના ઉપયોગથી કોમ્પ્લાયન્સ પ્રક્રિયામાં ઝડપ અને પારદર્શિતા આવી છે.

વધુમાં આંકડાકીય માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, ઇન્કમ ટેક્ષ વિભાગ દ્વારા કેપ્ચર કરાયેલા ટ્રાન્ઝેકશનમાં સેલેરી સંબંધિત રૂપિયા ૪૨ લાખ કરોડ, સેવિંગ બેંક ઇન્ટરેસ્ટ રૂપિયા ૧ લાખ ૪૦ હજાર કરોડ, ફિક્સ્ડ ડિપોઝિટ ઇન્ટરેસ્ટ રૂપિયા ૮ લાખ ૫૦ હજાર કરોડ અને રેન્ટ ઇન્ટરેસ્ટ રૂપિયા ૫ લાખ ૫૦ હજાર કરોડનો સમાવેશ થાય છે. વિભાગના મહત્વપૂર્ણ ટેકનોલોજીકલ પ્રોજેકટસમાં ડેટા વેરહાઉસ અને બિઝનેસ ઇન્ટેલિજન્સનો સમાવેશ થાય છે, જેના માધ્યમથી લગભગ રૂપિયા ૬૦૦ લાખ કરોડના ટ્રાન્ઝેકશન ડેટા કેપ્ચર કરાયા છે.

શ્રી સતિષ શર્મા (IRS)એ જણાવ્યું હતું કે, એક સમયે સેલેરી કલાસમાં વ્યાજની આવક કે કેપિટલ ગેઇન આવક રિટર્નમાં દર્શાવવાની પ્રવૃત્તિ બહુ ઓછી હતી, પરંતુ વ્યાવસાયિકો દ્વારા જાગૃતિ ફેલાવવાના પ્રયત્નોથી આજે પરિસ્થિતિ સુધરી રહી છે. તેમણે વ્યાવસાયિકો અને કરદાતાઓને સ્પષ્ટ સંદેશ આપતા કહયું હતું કે, જે ખોટું છે તે ખોટું જ છે. ભૂલથી હોય કે અન્ય કારણોસર, તેને સુધારવા માટે વિભાગે અપડેટેડ રિટર્નની વ્યવસ્થા કરી છે, જે પહેલા બે વર્ષ માટે હતી, હવે એ ચાર વર્ષ માટે છે, આથી જવાબદારીપૂર્વક કોમ્પ્લાયન્સ કરવું એ સૌની ફરજ છે.

આ કોન્કલેવમાં નિષ્ણાંત વકતા તરીકે ગુજરાત હાઇ કોર્ટના એડવોકેટ શ્રી મનિષ શાહે ટેક્ષ ઓથોરિટીઝ અને કોર્ટ સમક્ષ રોજબરોજની કામગીરીમાં ઉભા થતા વિવિધ મહત્વના પ્રશ્નો અને મુદ્દાઓ વિષે જાણકારી આપી હતી.

નિષ્ણાંત વકતા તરીકે ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) તેમજ ઇન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા (ICSI)ના મેમ્બર અમદાવાદના શ્રી તપસ રૂપારેલીયાએ ટેક્ષેશન સંબંધિત કામગીરી, ઓફિસના કાર્યો તેમજ એકાઉન્ટીંગની અન્ય પ્રક્રિયાઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટેકનોલોજીનો કેવી રીતે મહત્તમ ઉપયોગ કરી શકાય છે, તેના વિષે વિસ્તૃત સમજણ આપી હતી.

ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ્સના પ્રમુખ શ્રી આશુતોષ ઠકકર અને ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસીએશનના પ્રમુખ શ્રી નરેન્દ્ર કરકરે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ટેક્ષ એડવોકેટ એસોસીએશન ગુજરાતના પ્રમુખ એડવોકેટ અનિલ ટિમ્બડીયાએ કન્કલુડીંગ રિમાર્કસ આપ્યા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદીએ સમગ્ર કોન્કલેવની રૂપરેખા આપી હતી. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્‌ મંત્રી શ્રી ભાવેશ ટેલર, કોન્કલેવ કમિટીના ચેરમેન શ્રી અતુલ પટેલ, સુરતના ઉદ્યોગ સાહસિકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્‌સ, ટેક્ષ કન્સલ્ટન્ટ્‌સ, બિઝનેસ પ્રોફેશનલ્સ અને કરદાતાઓ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કોન્કલેવનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની ઇન્કમ ટેક્ષ કમિટીના ચેરમેન સીએ પ્રગ્નેશ જગાશેઠે મુખ્ય મહેમાનનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની ઇન્કમ ટેક્ષ કમિટીના કો–ચેરમેન સીએ અક્ષય મોદીએ કોન્કલેવમાં સવાલ – જવાબ સેશનનું સંચાલન કર્યું હતું. સીએ અશ્વિન ભાઉવાલા અને સાઉથ ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસીએશનના પ્રમુખ એડવોકેટ કુલિન પાઠકે વકતાઓનો પરિચય આપ્યો હતો.

કોન્કલેવમાં ટેકનિકલ સેશન દરમ્યાન આઇડીએફસી ફર્સ્ટ બેંકના કલસ્ટર હેડ શ્રી ઉજ્જવલ વોરાએ સુરતના ઉદ્યોગ સાહસિકો માટે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

ઇન્કમ ટેક્ષ કોન્કલેવના આયોજન માટે ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્‌સ ઓફ ઇન્ડિયા (ICAI), સુરત તેમજ ટેક્ષ એડવોકેટ એસોસીએશન ઓફ ગુજરાત અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસીએશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.